# હી ઇઝ બેટર ધેન મી

શહેર છોડીને ગામ જઈને રહે છે, જેથી મોઈના તાંગલિયા[1] પાસેથી વણાટની કળા શીખી શકે. મોઈના કલકત્તાથી અહીં આવીને નાના ગામડામાં સુરેશભાઈ વણકરને ત્યાં વણાટના તાણાવાણાની નવી ભાષા જાણવાનો પ્રયત્ન કરે છે. રંગ-રોગાનની રીત, નાનાં-નાનાં મોતી જેવી બંધાતી ગાંઠો અને તેનો રસપ્રદ ઇતિહાસ આ બધું તેણે કોઠે કર્યું.

700 વર્ષ જૂની નાની ગાંઠોના તાણાવાણા શીખવામાં મોઈનાને ખૂબ આનંદ આવતો. સુરેશભાઈને ગુરુ બનાવ્યા, તાંગલિયા દોરાને પોતાના ભાઈબંધુ! દોરાની આંટી બનાવીને સાળ પર ચઢાવીને વણવાના. નાની ગાંઠો મારવાનું શીખેલી. મોઈના શહેરની છોકરી. છાપરાવાળું ઘર, તાપ-ઠંડીની ફરિયાદ કર્યા વગર રહીને શીખી રહી છે.

સુરેશભાઈ તેની લગની જોઈને કહેતા, “બે’ન ઘણા ટેક્સ્ટાઇલના સ્ટુડન્ટ આવે ને જાય, પણ આ તાના-બાના શીખવા આવો ભેખ ક્યારેય કોઈએ લીધો નથી. બે’ન, બેટા તું તો બંગાળથી અહીં ગામડામાં આવીને રહી. ના તને ભાષા આવડે, ન અહીંનું ખાવાનું તને રાસ આવે! ખરેખર આટલું બધું વળગણ! તારી તો ખબર નથી, પણ તાંગલિયાના વણાટનો જરૂર ઉદ્ધાર કરશે.”

“બે’ન તમે શીખીને શું કરશો?” સુરેશભાઈનાં પત્ની અરુણાબહેનને મોઈનાના વળગણનું ખૂબ આશ્ચર્ય થતું, પણ મોઈના ચક્રવર્તી કોઈ વસ્તુની પાછળ પડે એટલે છોડે નહીં.

મોઈનાની જોડે જ સુરેશભાઈના એક સાળાનો છોકરો પણ વણાટ શીખતો. ખૂબ આળસુ ને કામમાં પણ ઢીલો. કંઈનાં કંઈ બહાનાં બતાવે. છાનોમાનો બીડી પીવા ભાગી જાય.

---

*તાંગલિ - વણાટનો પ્રકાર*

મોઈના સુરેશભાઈના ઘરના કામમાં પણ મદદ કરતી. જેથી કરી સુરેશભાઈ હાથસાળ પર વધુ સમય વિતાવી શકે.

સુરેશભાઈને પણ મોઈના માટે ખૂબ ભાવ. તેમણે જ તાંગલિયાની વાતો કરેલી. કેવી રીતે ભરવાડ ને વણકરના પ્રેમસંબંધે નવી જ શોધ કરી વણાટની. પ્રેમ વ્યક્તિને પર્વતમાંથી પાણી કઢાવી શકે. સુરેશભાઈની અલકમલકની વાતો તેમની વણાટની કારીગરીને જાણે નવા જ રંગમાં રંગતી. તેમણે કલામાં પાવરધા થવાનો ભેખ લીધેલો.

“રંગ કેવી રીતે કરવા? વર્ષો પહેલાં કુદરતી રંગ કરાતો હતો. હવે તો બજારમાં તૈયાર રંગ મળે છે.” સુરેશભાઈએ કહેલું.

“મોઈનાબે’ન મારું આટલું કામ કરી દેજો ને.” આવું કહી આળસુ મહેશ પાડોશીના છોકરાઓ સાથે પાનમસાલા ખાવા ભાગી જતો. ચાલાક મહેશ મોઈનાબે’નને મસકા મારી સુરેશભાઈએ આપેલાં કામ મોઈના પાસે કરાવી દેતો.

આળસુ મહેશ જન્મથી વણકર એટલે કામમાં સારો. વળી તેના માટે આ કલા શીખવી કોઈ નવી વાત નહોતી. આસપાસની છોકરીઓને પરેશાન કરતો અને મોઈનાને ‘મને અંગ્રેજી બોલતાં શીખવાડો’ કહી હેરાન કરતો. દિલનો સારો હતો, પણ તેને વણાટના કામમાં જરાય રસ નહોતો. તેને તો મોબાઇલની દુકાન કરવી હતી. હંમેશાં કહેતો ‘મોઈનાબે’ન મોબાઇલ લઈને જ બેસી રહેવાનું. કોઈ આવે તો વેચવાના, નહીંતર ગેમ રમવાની. આવું કામ હોય તો જિંદગીમાં જલસા પડી જાય. સાંજ પડે સિનેમા જોવા ભાગી જતો ને સવારે મોડો ઊઠતો. ગમે તેમ તો વણકરનો છોકરો, એ વણાટ કામ જલદી શીખી ગયેલો.

સુરેશભાઈની પત્ની પણ મોઈનાને ખૂબ પ્રેમથી રાખતી. સુરેશભાઈના દીકરા-દીકરીને તે મોઈનાનો દાખલો આપતાં.

સુરેશભાઈનો પરિવાર મોઈનાનો પરિવાર બની ગયો હતો. મોઈના બે-ત્રણ મહિના રહી પાછી કલકત્તા જતી રહેતી. ત્યાંનાં પોતાનાં કામ આટોપી વળી થોડાક મહિનામાં પાછી સુરેશભાઈને ત્યાં આવી જતી. મોઈના તેમનાં બાળકોને અંગ્રેજી શિખવાડતી. IPad પર નવી-નવી કાર્ટૂન ફિલ્મો પણ બતાવતી. અરુણાબહેન જોડે ગુજરાતી રસોઈ કરતાં શીખતી. વળી જ્યારે

પણ કલકત્તાથી આવે ત્યારે છોકરાઓ માટે મીઠાઈ, અરુણાબહેન માટે સાડી ને સુરેશભાઈ માટે સરસ ધોતી લાવતી.

મોઈનાની પોતાના પ્રત્યેની સમર્પણની ભાવના જોઈ સુરેશભાઈ ગર્વ અનુભવતા. મહેમાન આવે તો ગર્વથી મોઈનાની ઓળખાણ કરાવતા. સુરેશભાઈનાં પત્ની અરુણાબહેનને મોઇનાની ખૂબ માયા થઈ ગયેલી. મોઈના શહેરમાં કંઈ કામથી આવે તો તેને ફોન કરીને વાતો કરતાં.

મોઈના આ તાંગલિયાના વણાટને નવી જ ઓળખ આપવાનાં સપનાં જુએ. સુરેશભાઈને સરકાર તરફથી ખૂબ માન-સન્માન મળેલાં એટલે ઘણા લોકો તેમની હાથસાળ જોવા આવતા.

એટલામાં મોઈનાને ખબર પડી કે ફ્રાન્સથી ખૂબ જ ફેમસ ડિઝાઇન હાઉસના લોકો સુરેશભાઈને મળવા આવવાના છે. વાતચીત અને તેમણે મોકલેલો કાગળ વાંચીને ખબર પડી કે તેઓ યંગ-ફેલોશિપ આપવાના છે. એટલે કે આ કળાને આગળ લઈ જઈને નવું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરનારને સ્પેશિયલ ફેલોશિપ મળશે અને પૅરિસ બે વર્ષ કામ કરવાની તક મળશે.

મોઈનાને પોતાનું સ્વપ્ન સાચું થતું લાગ્યું. છેલ્લાં ચાર વર્ષથી અહીં આવતી-જતી રહીને તાંગલિયાના વણાટ માટે જે કંઈક સાધના કરી એ હવે રંગ લાવશે.

સુરેશભાઈનાં પત્ની મોઈના માટે રસોઈ બનાવે. મોઈનાને રસોડામાં બોલાવીને જમવાનું આપે. “બે’ન! જો બેટા જમવાનું તીખું તો નથી ને? મારી તો ઇચ્છા છે કે તું તારા ધ્યેયમાં સફળ થાય. તમે જો પૅરિસ જાઓ તો તાંગલિયાઓનો બેડો પાર.”

સુરેશભાઈ કંઈ ગામ છોડીને પૅરિસ થોડું જવાના હતા? વળી એની તેમને જરૂર પણ ન હતી. અરુણાબહેન - સુરેશભાઈ પણ ખૂબ ખુશ હતાં.

ફ્રેંચ ડિઝાઇન હાઉસના લોકો આવવાના છે એટલે મહેશ પણ સરસ તૈયાર થઈ હાજર રહ્યો. તેને ખબર હતી કે મહેમાન આવે ને હાજર ના રહે તો સુરેશભાઈ ખૂબ ચિડાય.

હવે એંજિલાનો જવાનો સમય થયો છે, મોઈનાએ તેની સાથે આખો દિવસ વિતાવ્યો. તેને તાણાવાણાની બારીકીઓની વાત કરી. મોઈનાએ છેલ્લા ચાર

વર્ષની તપસ્યાની વાત કરી. જતાં-જતાં ઍંજિલાએ ફેલોશિપની વાત કરી.

સુરેશભાઈએ કહ્યું કે “આ મારો સ્ટુડન્ટ મહેશ ખૂબ કાબેલ છે અને જન્મથી વણકર છે. તે જ તમારી ફેલોશિપ માટે પર્ફેક્ટ કેન્ડિડેટ છે.”

અરુણાબહેન આઘાતથી સુરેશભાઈની સામે જોઈ રહ્યાં ને મોઈનાએ આંખની સામે જિંદગીની સૌથી મોટી તકને સરી જતાં જોઈ. મહેશ પણ મનથી મલકાઈને પૅરિસનું નામ સાંભળીને ખુશ થયો, પણ મોઈનાની સામે નજર નથી મેળવી શકતો. તેને પણ સુરેશભાઈએ કદાચ ઉતાવળિયો નિર્ણય કર્યો હોય એવું લાગ્યું.

તે પણ કેટલાક અંશે સ્તબ્ધ થઈ ગયો. ધીમે પગલે મોઈના સામેના છાપરા તરફ ગઈ અને મનમાં વિચાર્યું : ‘May be he is better then me, how can Guruji be wrong?’

# આન્ટી રિલેક્સ રહેજો

હરિભાઈ ડ્રાઇવર બાળકોને સ્કૂલે લેવા ગયા અને મહારાજ સાંજની રસોઈની તૈયારીમાં લાગ્યા. આન્ટી પાસે હવે થોડી ફુરસદ છે. ફોન પર આંગળીઓની કસરત કરે છે. હવે પહેલાંની જેમ માથે ભાથું લઈ ખેતરે તો જવાનું નથી, એટલે આખા ગામની ચિંતા કરે છે અને ગામની દરેક વ્યક્તિની ખબર હવે આંગળીનાં ટેરવાં ચલાવવાથી મળી જાય છે.

સોશિયલ મીડિયાએ લોકોને ઍન્ટિસોશિયલ બનાવ્યા છે. લોકો હવે ઈ-મેઇલને સથવારે લાગણીઓની આપ-લે કરે છે.

ઇમોજીએ શબ્દોનું સ્થાન લીધું છે અને વૉઇસ મૅસેજે સંવાદનું! પણ આ બધાને કારણે મોટી ઉપાધિ એ થઈ છે કે પોતાની મનોસ્થિતિ અને દરેક જગ્યાએ પોતાની ઉપસ્થિતિની ઘોષણા ઉત્સાહભેર લોકો સોશિયલ મીડિયા પર કરે છે અને અજાણતાં જ લોકોને પોતાના જીવનમાં ડોકિયું કરવાનો અધિકાર પણ આપે છે.

જાનકીઆન્ટીનો દીકરો યુવાન છે. એટલે તેના પર ચાંપતી નજર રાખવા જાનકીઆન્ટી સોશિયલ મીડિયા પર સતત બાજનજર રાખે છે. દીકરાના દરેક મિત્રોના જીવનમાં શું ચાલે છે એની બાતમી તેઓ બરાબર રાખે છે.

બપોરની કિટ્ટી પાર્ટીમાં પેલી અલકાની દીકરીએ સોશિયલ મીડિયામાં ફોટો અપલોડ કર્યો'તો તે, કવિતાની દીકરીએ બૉયફ્રેન્ડ જોડે ફોટો મૂકેલો તે – આ બધાની હાલ ચર્ચા થાય છે. આન્ટીઓનું સોશિયલ મીડિયાની સાથે સાથે પંચાતનું સમાંતર નેટવર્ક પણ ચાલે છે.

દરેક યુવાન છોકરા-છોકરીના કૅરેક્ટર-સર્ટિફિકેટ એ લોકોની સોશિયલ મીડિયાની ફીડ પરથી અંકાય છે. આજે કિટ્ટી પાર્ટીમાં ચિરાગ અને અમલાની દીકરીની ચર્ચા જોરમાં છે.

"અમેરિકામાં ભણે છે, કેટલાય ભૂરિયા છોકરા જોડે ફોટા મૂક્યા કરે છે.

અત્યાર સુધી તો પેલી બૉયકટ વાળવાળી ગોરી જોડે જ ફોટા મૂકતી હતી, પણ આજકાલ તો જાણે વકરી છે અમલાની દીકરી! અને હમણાં તો તેણે સ્ટેટસમાં લખ્યું હતું, 'ઇન કૉમ્પ્લિકેટેડ રિલેશનશિપ વિથ એડ શિરીન'. બોલો, આજકાલની છોકરીઓને કોઈનોય છોછ નથી." રાધિકાઆન્ટીએ ભ્રમરો ઊંચી કરતાં કહ્યું.

****

અમલા ને જાનકી બહેનપણીઓ અને કિટ્ટીમાં અમલાની દીકરીની ચર્ચા ચકડોળે ચડેલી એટલે જાનકીબહેન ઉશ્કેરાઈ ગયેલાં.

"અમલા તારી દીકરીની જિંદગીમાં શું ચાલે છે એની ખબર છે તને? તારી દીકરીના ફોટા તો જો!"

"અરે જાનકી, કશું નથી!" અમલાએ કહ્યું.

"શું ધૂળ કંઈ નથી? ગોરાઓ સાથે ચીપકી-ચીપકીને કેટલાય ફોટાઓ મૂક્યા છે." જાનકીબહેન ચિડાયાં.

એટલામાં કોઈ કારણસર ત્યાં રૂમમાં ચિરાગ આવી પહોંચ્યો. "શું ખટપટ ચાલે છે બંને બહેનપણીઓ વચ્ચે?"

"કંઈ નહીં આ તો જરા..." અમલા અચકાઈ ગઈ.

"પણ શું થયું?" ચિરાગે જરા કડક અવાજમાં પૂછ્યું.

"કંઈ નહીં! તમારી દીકરીએ ગોરા છોકરા જોડે સોશિયલ મીડિયા પર ફોટા અપલોડ કર્યા છે એટલે..."

અમલાએ દીકરીનો લૂલો બચાવ કર્યો. "હા એ camp ગઈ હતી. મેં જ તો fees ભરી હતી. એમાં આટલી ચિંતા કરવાની જરૂર નથી. અમેરિકામાં ભણે છે તો ગોરા વિદ્યાર્થી-મિત્રો હોવાના જ. અહીં ભણતી હોત તો આપણા જેવા!"

"એમાં આટલા ટેન્શનમાં આવવાની જરૂર નથી." ચિરાગે વાતને ઉડાવી દીધી.

"હા, પણ..." અમલાએ ધીમેથી કહ્યું, "તેણે રિલેશનશિપ સ્ટેટસ અપડેટ કર્યું છે, કહે છે કે કૉમ્પ્લિકેટેડ રિલેશનશિપ."